### ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ કેટેગરીમાં

# ગાંધીનગરને બેસ્ટ સ્ટેટ કેપિટલનો રાષ્ટ્રીય એવોર્ડ

**સ્વચ્છતા માટે સહયોગ બદલ નગરવાસીઓનો તથા સિમાચિન્હ સમાન કામગીરી બદલમહાપાલિકા ટીમનો આભાર માનતા મેયર રીટાબેન પટેલ**

ગાંધીનગર, તા.૨૦

દેશ આખામાં સ્વચ્છતાનુ મહત્વ પ્રસ્થાપિત કરવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા સ્વચ્છ ભારત મિશન અંતર્ગતની રાષ્ટ્રીય સ્પર્ધા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૦માં ગાંધીનગર મહાપાલિકાએ પણ મેદાન માર્યું છે. મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે ગાંધીનગરને ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ કેટેગરીમાં બેસ્ટ સ્ટેટ કેપિટલનો રાષ્ટ્રીય એવોર્ડ ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવ્યો છે. ઉપરાંત ૧લાખથી ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતા શહેરોમાં સ્વચ્છતાના શ્રેષ્ઠ માપદંડ હાંસિલ કરવા બદલ ગત વર્ષે ગાંધીનગરનો ક્રમ

- **સ્વચ્છ સર્વેક્ષણમાં ૧થી ૧૦ લાખની વસ્તીના શહેરમાં મહાપાલિકાની ૨૨માંથી ૮માં ક્રમે છલાંગ**
- **ભારત સરકારની સ્વચ્છતાની સ્પર્ધામાં દેશના ૪,૨૩૭ શહેરો વચ્ચે હરિફાઇ યોજવામાં આવી હતી**

૨૨મો હતો, તેમાં આ વર્ષે ૮મો નંબર આવ્યો છે. આ ગૌરવ મેળવવામાં નાગરિકોનો સંપૂર્ણ સહયોગ મળ્યાનું જણાવવા સાથે મહાપાલિકાની સમગ્ર ટીમને મેયરશ્રી દ્વારા આ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

ગાંધીનગરને ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ કેટેગરીમાં બેસ્ટ સ્ટેટ કેપિટલનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. તેના સંબંધમાં મેયરશ્રીએ જણાવ્યું કે ભારત સરકારના શહેરી ગૃહ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્વચ્છ મહોત્સવ અંતર્ગત યોજાયેલી સ્વચ્છતા સંબંધિ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશના ૪,૨૩૭ જોડાયા હતાં. જ્યારે ૧ લાખથી ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતા શહેરો વચ્ચેની સ્પર્ધામાં ગાંધીનગર ૮માં નંબરે વિજેતા બન્યું છે. અગાઉ વર્ષ ૨૦૧૮માં ગાંધીનગરનો નંબર ૨૬મો અને વર્ષ ૨૦૧૯માં ૨૨મો નંબર રહ્યો હતો. આગામી દિવસોમાં ગાંધીનગર વધુ આગળ આવશે, તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ કેટેગરીમાં એવોર્ડના સંબંધમાં સેનેટરી સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલે કહ્યું કે મહાપાલિકા દ્વારા પ્લાસ્ટિક ફ્રી સિટીનું ઈનિસિયેટીવ લેવામાં આવ્યુ હતું. તેમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ પ્લાસ્ટિકના કચરાનુ એકત્રીકરણ કરવાની અને તેનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

- **શહેરભરમાં પ્લોગિંગના કાર્યક્રમો યોજવામાં આવ્યાં**

શહેરીજનો, સંસ્થાઓ અને વિદ્યાર્થીઓના સહયોગથી જોગિંગની સાથે પ્લાસ્ટિક વિણવાની નવતરઝુંબેશ પ્લોગિંગ ચલાવવામાં આવી હતી.




તેમાં મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, શૈક્ષણિક સંકુલો, બાલોદ્યાન સહિતના વિસ્તારોમાંથી પ્લાસ્ટિકનો કચરો ઉઠાવવામાં આવ્યો હતો.

- **પાનવાલા, ચાયવાલા અને ઓટોવાલા ગ્રીન વોરિયર**

શહેરભરમાં પાન મસાલાની દુકાનો અને ચાની કીટલીઓને પ્લાસ્ટિક વિરોધી અભિયાનમાં જોડવામાં આવ્યા હતાં. તેમના વ્યવસાયના સ્થળે ધ્યાનાકર્ષક કચરાપેટીઓ મુકવાની સાથે તેમને પ્રશિક્ષીત કરાયા. સાથે જ ઓટો રિક્ષા ચાલકોને પણ મીની કચરાપેટીઓ અપાઈ હતી.

- **દરેક વોર્ડમાં 'સૌની દિવાલને વ્યાપક પ્રતિસાદ મળ્યો**

રિડ્યુસ, રીયુઝ અને રીસાયકલનો કોન્સેપ્ટ મુકાયો. દરેક વોર્ડમાં સૌની દિવાલ નામથી સ્ટેન્ડ ઉભા કરાયા અને વસાહતીઓને ન જોઈતી હોય તેવી ઉપયોગી કપડા, બુટ, ચપ્પલ, વાસણ જેવી ચીજો ત્યાં મુકી જવા અપિલ કરાઈ. જેમને જરૂર હોય તેવા લાભાર્થી અહીંથી તેવી ચીજો લઈ જાય.

# શહેરમાં વધુ ૧૧ કેસ નોંધાયા

**સે. ૨૭ અને સે. ૮ માં બે-બે કેસ ઉપરાંત સે. ૭, ૧૩, ૩૦, ૧૨, ૨૬, ૫, અને ૨૯માંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૬૭૮ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડનો કર્મયોગીની, હેડ કોન્સ્ટેબલ, પ્રોડક્શન સુપ્રિ., આર.એન.બી.નો ડેટાએન્ટ્રી ઓપરેટર અને પ્રાથમિક શિક્ષણનો એક જુનિ. ક્લાર્કનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં છ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૭ અને સ. ૮ માં બે-બે કેસ ઉપરાંત સે. ૭, ૧૩, ૩૦, ૧૨, ૨૬, ૫ અને ૨૯ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૮ માં આજે એક વૃદ્ધ દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંએ તેમના પરિવારના ૪ સભ્યોનો હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨૬ માંથી એક ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

માર્ગ-મકાન વિભાગમાં ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે નોકરી કરતા અને સે. ૫ માં રહેતા ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોનો હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૨૯ માં રહેતા અને પ્રાથમિક શિક્ષણમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારેલ છે. દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની એકાઉન્ટ શાખામાં ફરજ બજાવતી

● અનુસંધાન પાન-૭ પર



# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૦ કેસ

**સારવાર દરમ્યાન સરગાસણના દર્દીનું મોત : મૃત્યુઆંક ૯૪ થયો : ગાંધીનગરમાં ૫, દહેગામ-કલોલમાં ૧-૧ અને માણસામાં 3 કેસ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામના એક દર્દીનું મોત થયુ છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામના ૬૭ વર્ષીય પુરૂષનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દી ૮મી ઓગષ્ટથી ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાં સારવાર દરમ્યાન મત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૯૪ થઈ છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસો વધ્યા છે પણ તંત્ર પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરી રહેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરમાં ૫, દહેગામ અને કલોલમાં ૧-૧ કેસ તેમજ માણસામાં ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગાંધીનગર તાલુકામાં સેમી અર્બન વિલેજ તરીકે વિકાસ પામી રહેલ ગામોમાંથી જ કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી ૩૪ વર્ષીય મહિલા, કોટેશ્વરમાંથી ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઝુંડાલ ગામેથી ૨૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ ઉપરાંત સરગાસણ ગામેથી ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકામાં નાંદોલ ગામેથી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ના વિસ્તારમાંથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં નોંધાયેલા ૩ કેસમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે જ્યારે એક કેસ અર્બાન વિસ્તારમાંથી મળ્યો છે.

મળતી વિગતો પ્રમાણે માણસા અર્બાનમાંથી એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પુંધરામાંથી ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે દેલવાડા ગામેથી એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણમાં છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ પણ સારો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે આજે નોંધાયેલા કેસો સામે ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓની સંખ્યા ૨૭ છે જે ઘણી સારી કહી શકાય. તંત્રએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં ૧૨૨૬ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરી છે. જિલ્લામાં હાલ ૧૨૮ દર્દીઓ જ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# આજે મેયર રીટાબેન પટેલનો જન્મ દિવસ

ગાંધીનગર, તા. ૨૦

આજે ગાંધીનગરના મહિલા મેયર રીટાબેન કેતનકુમાર પટેલનો જન્મ દિવસ છે. મેયર પદ સંભાળ્યાના ટુંકા ગાળામાં જ પોતાની અસરકારક નિર્ણય શક્તિ, પ્રભાવી અને સંવેદનશીલ



વ્યક્તિત્વ સાથે વક્તૃત્વમાં પણ સારી હથોટી પ્રાપ્ત કરી લેનાર અને મહાનગર પાલિકાના વિકાસ માટે સતત કાર્યરત રહી મહિલા શક્તિમાં જોમ-જુસ્સો વધારતા રીટાબેન પટેલે અસરકારક નેતૃત્વની છાપ ઉભી કરી છે. રીટાબેન પટેલે મેયર તરીકે પદભાર સંભાળ્યા બાદ ખૂબ ઝડપથી વહીવટી આંટીઘુંટીઓને શીખી વ્યવસ્થાતંત્ર પાસે કામ કરાવવાની કુનેહ પણ હસ્તગત કરી લીધી છે.

# રાંધેજા ચોકડીથી ગાંધીનગર તરફના માર્ગ પર ઉંડા ખોદકામથી ભયજનક સ્થિતિ

**રાંધેજા ચોકડીથી ૫૦૦ મીટર દુર રોડની ડાબી સાઇડ પર ઉંડાણ પુર્વક ખોદકામ કરવામાં આવતા વાહનચાલકો માટે અત્યંત જોખમી સ્થિતિ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર માણસા હાઈવે માર્ગ પર રાંધેજા ચોકડીથી ૫૦૦ મીટર દુર રોડની ડાબી સાઈડ પર ખુબ જ ઉંડાણ પુર્વક ખોદકામ કરવામાં આવ્યુ છે જેના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. જયારે આ ભયજનક સ્થિતિ વચ્ચે ગમે ત્યારે ગોઝારો અકસ્માત થાય તેવી દહેશત છે. આ અંગે ત્વરિત પગલા લેવા માટે સ્થાનિકોએ માંગણી કરી છે. સમયસર સમસ્યાનો ઉકેલ નહીં આવે તો સ્થાનિકો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાના મુડમાં છે.

રાંધેજાના રહેવાસી વિષ્ણુભાઈ ચિમનલાલ રાવળે આ અંગે જિલ્લા કલેકટરને રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર માણસા હાઈવે પર સ્થિત રાંધેજા ચોકડીથી ગાંધીનગર તરફ જવાના માર્ગ પર રાંધેજા ચોકડીથી ૫૦૦ મીટર દુર રોડની ડાબી સાઈડમાં ખુબ જ ઉંડાણ પુર્વક ખોદકામ કરવામં આવ્યુ છે. ખુબ જ ઉંડા ખોદકામના લીધે મોટી ખાઈ ઉભી થઈ છે. સરકારના નિયમ મુજબ ધોરીમાર્ગોના સેન્ટરથી બન્ને સાઈટ ૭૫ મીટરથી વધુ જગ્યાઓ એકવાયર થયેલી હોય છે. જયારે ભવિષ્યમાં માર્ગને અપગ્રેડ કરવામાં પણ આ જગ્યાનો ઉપયોગ થઈ શકે.

જયારે આ ગાબડા ગ્રસ્ત જગ્યા રાંધેજા ચોકડીથી એકદમ નજીક આવેલી છે. આ માર્ગ પર મોટા પ્રમાણમાં વાહનોની અવરજવર થાય છે. આસપાસ સ્થિત રૂપાલ ગામ અને પ્રસિધ્ધ વરદાયિની મંદિર પણ આવેલુ છે. , જયારે પાંચ કીમી દુર પૌરાણિક સ્વયંભુ વૈજનાથ મહાદેવનુ મંદિર પણ આવેલુછે. જેના લીધે આ માર્ગ પર ટ્રાફિકનુ પ્રમાણ પણ વિશેષ રહે છે. આ રાજય ધોરી માર્ગ પર મોટા પ્રમાણમાં વાહનોની અવરજવર થાય છે. ઉત્તર ગુજરાત અને રાજસ્થાન સહીત અન્ય રાજયોમાં અવરજવર કરનારાઓ પણ આ માર્ગનો વિશેષ ઉપયોગ કરે છે.

આ સ્થિતિ વચ્ચે આ ઠેકાણે ગોઝારો અકસ્માત થવાની પણ પ્રબળ સંભાવના છે. માર્ગની સાઈડમાં ઘસીને ખોદકામ કરવામાં આવ્યુ છે. જેના લીધે ધોરીમાર્ગને નુકશાન થવાની સંભાવના છે. જયારે માર્ગ નીચેના વિસ્તારમાં પાણી ભરાતા પોલાણ થવાની સાથે અકસ્માત થવાનો પણ ભય છે. આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. આ મામલે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં નહી આવે તો નાગરિકો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે. તેમ પણ સ્થાનિકોએ રજુઆતમાં જણાંવ્યુ છે.

# નવા સેકટરોમાં પાણીનો સપ્લાય ખોરવાતા ગૃહીણીઓમાં કકળાટ

**ગુરુવારે સવારે નળમાં પાણી ન આવ્યુ : સરીતા હેડ વર્કસના ટ્રાન્સફર્મરમાં ટ્રીપીંગ થતા પાણીનો સપ્લાય ખોરવાયો**

ગાંધીનગર તા ૨૦

શહેરના નવા સેકટરોમાં આજે પાણી પુરવઠો સપ્લાય કરવાની વ્યવસ્થા ખોરવાઈ હતી. સરીતા ઉદ્યાન સ્થિત પમ્પીંગ સ્ટેશનના ટ્રાન્સફોર્મરમાં ટ્રીપીંગ થતા નગરના નવા સે-૧ થી ૧૩ માં પાણી પુરવઠો સપ્લાય થઈ શક્યો ન હતો સવારના સમયે પાણી ન આવતા ગૃહીણીઓમાં પણ કકળાટ પ્રવર્તયો હતો. જો કે રીપેરીંગ કામગીરીના અંતે સમસ્યા હલ થતા બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આપવામાં આવ્યો હતો. જયારે શુક્રવારથી રાબેતા મુજબ નિયત સમયે પાણીનો સપ્લાય આપવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના નવા સેકટરોમાં આજે સવારે પાણીનો સપ્લાય બંધ થઈ ગયો હતો. જેના લીધે નવા સેકટરોમાં સવારના સમયે પાણી ન આવતા સેકટરવાસીઓમાં ફરિયાદ ઉઠવા પામી હતી . નવા સે ૧ થી ૧૩ માં પાણી ન આવતા સવારથી જ પાણીની પોકાર ઉઠવા પામી હતી જયારે નવા એક પણ સેકટરોમાં પાણી આવ્યુ ન હતુ. સુત્રોના જણાંવ્યા મુજબ ટોરેન્ટની વિજપ્રવાહની લાઈનમાં ટેકનિકલ ફોલ્ટ આવતા સરિતા ઉદ્યાન સ્થિત પંમ્પીંગ સ્ટેશનમાં ઈલેક્ટ્રીક સપ્લાય ખોરવાયો હતો જેના લીધે નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવાનુ મુશ્કેલ બન્યુ હતુ સવારથી નવા સેકટરોમાં પાણી ન આવતા સેકટરવાસીઓએ પણ સતત તંત્રના અધિકારીઓને ફોન કરી ફરિયાદો કરી હતી. સવારે સે- ૯ થી ૧૧ માં ટેકનિકલ ખામીના લીધે ટોરેન્ટનો વિજ પ્રવાહ ખોરવાઈ જતા સરીતા પમ્પીંગ સ્ટેશનનુ ટ્રાન્સફોર્મરમાં ટ્રીપીંગ થયુ હતુ. જેના લીધે નિયત સમયે પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. જયારે બપોરના સમયે રીપેરીંગનુ કામ પુર્ણ થઈ જતા બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આપવામાં આવ્યો હતો. જયારે સુત્રોના જણાંવ્યા મુજબ શુક્રવારથી રાબેતા મુજબ નિયત સમયે પાણીનો સપ્લાય આપવામાં આવશે. શહેરના સેકટરોમાં સમયાંતરે પાણીની ફરિયાદો ઉઠતી રહે છે. જો કે છેલ્લા ઘણાં સમયથી પાણી વિતરણ વ્યવસ્થાનુ કામ યોગ્ય રીતે થતા પાણીની પોકાર પણ શાંત થઈ ગઈ છે. આમ છતા પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ હજુ બાકી

● અનુસંધાન પાન-૭ પર

# જમીન વેચાણના મામલે સ્ટેમ્પ ડયુટીની ચોરી બદલ ૫૧ હજાર વસુલવા આદેશ

ગાંધીનગર તા ૧૯

જમીન ખરીદીના મામલે સ્ટેમ્પ ડયુટીની ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ સંદર્ભે સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રએ રૂ ૫૧ હજાર વસુલ કરવા માટે

**સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રએ સ્ટેમ્પ ડયુટીની રકમ વસુલવા આદેશ કર્યો**

આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર પેથાપુર નજીક સ્થિત તરપોઝ વિસ્તારમાં આવેલ જમીન સે-૮ માં રહેતા વિશાલભાઈ લલ્લુભાઈ મન્સુરીએ તા ૯ નવેમ્બર વર્ષ ૨૦૧૧માં ખરીદી હતી. રૂ ૨૧ લાખમાં આ બાનાખત કરીને આ જમીન ખરીદી હતી જયારે જમીનની કિંમત વધી ગઈ હોવાથી જમીન માલિક સેંધાજી નાથાજી ઠાકોર તેમજ અન્ય સહભાગીદારો અને પેથાપુર મહાલક્ષ્મી ગેસ એજન્સી ધરાવતા અરુણ શાંતિલાલ પુરોહિત વધુ કિંમત માંગતા દસ્તાવેજ કરી આપતા નથી તેવો દાવો કોર્ટમાં દાખલ કર્યો હતો. ત્યારબાદ સ્ટેમ્પ ડયુટી બચાવાના ઈરાદાથી રૂ ૧૧.૫૦ લાખનો દસ્તાવેજ વિશાલભાઈ મન્સુરીએ કર્યો હતો. આ મામલે ગેસ એજન્સીના માલિક અરુણ પુરોહિતે તા ૧૮ નવેમ્બર વર્ષ ૨૦૧૭ ના રોજ સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીએ બાનાખત અને દસ્તાવેજની રકમમાં ફેર હોવાથી સ્ટેમ્પ ડયુટીની ચોરી બાબતે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ સંદર્ભે સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન અધિકારી જે એમ વેગડાએ ગુજરાત સ્ટેમ્પ ડયુટી અધિનિયમ ૧૯૫૮ની કલમ ૩૯ (૧) (ખ) મુજબના સહીત કુલ ૫૧ હજાર વિશાલ મન્સુરી પાસેથી વસુલવાનો આદેશ કર્યો છે. જયારે જગ્યા પરથી બાંધકામ દુર કરવા અને મુળ સ્થિતિમાં લાવવા માટે પણ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ ની કલમ - ૩૬ અન્વયેની નોટીસ આપી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com